

GYAAN GOSHTHI

CURIOSITY TO CLARITY

# "શ્રીકૃષ્ણ અને દ્રૌપદી: રાખડી અને રક્ષા"

www.gyaangoshthi.com www.youtube.com/gyaangoshthi

## "શ્રીકૃષ્ણ અને દ્રૌપદી: રાખડી અને રક્ષા"

મહાભારતના સમયની વાત છે. રાજસૂય યજ્ઞ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણએ શિશુપાલનો વધ કરી નાખ્યો હતો. યુદ્ધ દરમિયાન, તેમનો હાથ ઘાયલ થયો હતો અને તેમાંથી લોહી નીકળતું હતું.






GYAAN GOSHTHI
CURIOSITY TO CLARITY

દ્રૌપદી, જે પાંડવોની પત્ની અને શ્રીકૃષ્ણની પ્રિય મિત્ર હતી, તેણે તરત જ પોતાના કપડાનો ટુકડો ફાડીને કૃષ્ણના હાથ પર બાંધી દીધો. તે દોરો ન તો રક્ષાસૂત્ર હતો કે ન તો યોગ્ય રીતે બનાવેલી રાખડી - પરંતુ તેમાં પ્રેમ, ચિંતા અને સ્નેહનો ભાવ હતો.





www.gyaangoshthi.com

કૃષ્ણે હસીને કહ્યું, "દ્રૌપદી,આ રક્ષા માટે  હું મારા જીવનપર્યંત તારો ઋણી રહીશ અને તારું ઋણ પૂર્ણ કરીશ."

વર્ષો પછી, જ્યારે દુઃશાસન દ્વારા રાજદરબારમાં દ્રૌપદીનું અપમાન કરવામાં આવી રહ્યું હતું, અને તેણીને વસ્ત્રહરણ દ્વારા ઉતારી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે દ્રૌપદી અત્યંત નિઃસહાય અવસ્થા માં મદદ માટે પોકાર કરતી હતી.

www.gyaangoshthi.com





પરંતુ કોઈ તેની મદદે આવ્યું નહીં. આથી દ્રૌપદી એ રડતાં રડતાં બે હાથ જોડીને અંતઃકરણ પૂર્વક શ્રીકૃષ્ણ ને મદદ માટે પોકાર કર્યો.

દ્રૌપદી ના પોકાર ને સાંભળી શ્રીકૃષ્ણ તુરંત સભા મંડપ માં પહોંચ્યા અને દ્રૌપદી પર વસ્ત્રો નો વરસાદ વરસાવ્યો અને તેના સન્માન ની રક્ષા કરી. આમ, શ્રીકૃષ્ણ દ્વારા દ્રૌપદીના વસ્ત્રો અપાતાં દ્રૌપદીનું સન્માન બચી ગયું.

www.gyaangoshthi.com





GYAAN GOSHTHI
CURIOSITY TO CLARITY

આ ઘટના એ રક્ષા-બંધન (રાખડી) દ્વારા પ્રેરિત, સાચા સંબંધનું રક્ષણ હતું. શ્રીકૃષ્ણ એ પોતાનું ઋણ ચૂકવી બહેન ની રક્ષાનો ભાઈ નો ધર્મ નિભાવ્યો. રક્ષા બંધન નું મહત્વ મહાભારત કાળ થી ચાલ્યું આવે છે.

અને ત્યારથી, શ્રાવણ પૂર્ણિમાના દિવસે રક્ષાબંધનનો તહેવાર શરૂ થયો.



www.gyaangoshthi.com